અપીલ અરજી નં.૧૦૯ તા.૧૭–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી જતીનકુમાર અરૂણભાઈ ટેલર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ–પેન્શન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જતીનકુમાર અરૂણભાઈ ટેલરની તા.૨૫–૫–૧૦ ની અરજીથી (૧)હું અરજદારને રહેમરાહે નોકરી અને પેન્શન કેમ નથી આપતા? (૨) હું અરજદારને રહેમરાહે નોકરી અને પેન્શન કયારે મળશે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૭–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૯/૨૦૧૦–૧૧

શ્રી જતીનકુમાર અરૂણભાઈ ટેલરની તા.૨૫–૫–૧૦ ની અરજીથી (૧)હું અરજદારને રહેમરાહે નોકરી અને પેન્શન કેમ નથી આપતા? (૨)હું અરજદારને રહેમરાહે નોકરી અને પેન્શન કયારે મળશે? તેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ પેન્શન) ના પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૫૮૩ તા.૮–૬–૧૦ ના પત્રથી આપેલ જવાબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૩ તા.૨૯–૬–૧૦ ના રોજ ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ–પેન્શન) તથા અરજદારને અપીલ અરજીમાં માહિતી નહીં મળ્યાની રજુઆત છે કે થયેલ કાર્યવાહી અંગે શંકા આધારીત તકરાર નિવારણની? તેની સ્પષ્ટતા કરવા તથા તકરાર નિવારણની બાબત માહિતિ નહીં મળવાની અપીલમાં સાંકળી શકાય નહીં. તેમ છતાં તે માટે કરેલ આક્ષેપો અંગે આધાર હોય તો રજુ કરવા પણ જણાવી સાથે મુળ અરજીની નકલ તેમજ ફી ભર્યાની વિગત અપીલ નિકાલ માટે અત્રે મોકલવા જણાવેલ જયારે તકરાર નિવારણ કે ખાતાકીય કાર્યવાહી હાથ ધરવાને લગતી બાબત અંગે સબંધિત ખાતાધિકારીને રજૂઆત કરવાની રહે જે અંગે તેમની અરજી અત્રેથી આરટીઆઈ સેલ/૪૦૨ તા.૨૮–૬–૧૦ થી મધ્યસ્થ મહેકમ ખાતાને મોકલવામાં આવેલ છે. જેથી હવે પછી તેના નિકાલ અંગે સદર ખાતાધિકારીનો સંપર્ક કરવા અરજદાર સ્વતંત્ર છે તેવો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૮૧૮ તા.૫–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ (પી) ને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૨૯૨ તા.૨૮–૫–૧૦ ની તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૫૪૯ તા.૨૯–૫–૧૦ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૫૮૩ તા.૮–૬–૧૦ થી માહિતી આપ્યાના પત્રની નકલ, અરજદારની તા.૯–૯–૦૯ અને તા.૧–૬–૧૦ ની અરજીની નકલ, અરૂણકુમાર અમૃતલાલ હરજીવન દરજી નો તા.૧૪–૧૨–૯૮ ના મરણનો દાખલો, જતીનકુમારનો તા.૨૯–૬–૮૧ ના જન્મનો દાખલો, તા.૭–૨–૯૯ ના નોંધાયેલ પોલીસ ફરીયાદની નકલ, એચડીએફસી બેંકનો તા.૧૩–૧૧–૦૪ નો પત્ર, સુરત સહકારી સ્પીનીંગ મીલ પ્રા.શાળાની તા.૨૦–૧–૦૭ ના પ્રમાણપત્રની નકલ, જતીનકુમાર અરૂણભાઈ ટેલરના તા.૨૧–૧૨–૦૬, તા.૨૮–૮–૦૮ ના એફીડેવીટની નકલ, નાયબ પોલીસ કમિ. ઝોન–૧ સુરત શહેર પત્ર ક્રમાક ૭૭૯/૦૮ તા.૧૨–૮–૦૮ ના પત્રની નકલ, જીએડી/ઈએસટી/પી ૬૯ તા.૭–૪–૦૫ ના પત્રની નકલ, જીએડી/ઈએસટી/પી/૧૫૭૬ તા.૧૫–૧૨–૦૫ ના પત્રની નકલ, જીએડી/એસટી/૪૦ તા. ૩–૫–૦૮ ના પત્રની નકલ, જીએડી/ઈએસટી/ ૧૭૮૪ તા.૫–૮–૦૮ ના પત્રની નકલ, જીએડી/ઈએસટી/૪૬૫૧ તા.૧૬–૩–૦૯ ના પત્રની નકલ, જીએડી/ઈએસટી/૧૭૫૧ તા.૭–૯–૦૯ ના પત્રની નકલ, જીએડી/ઈએસટી/૨૫૮૭ તા.૧૮–૧૧–૦૯ ના પત્રની નકલ તા.૨૮–૧૦–૦૯ ની અરજીનો જવાબ, જીએડી/ઈએસટી/૩૬૮૧ તા.૧૭–૨–૧૦ ના પત્રની નકલ તા.૨૮–૧૦–૦૯ ની અરજીનો જવાબ, ૨૦૦૮–૦૯ ના વેરાબીલની નકલ, ડીસે., જાન્યુ.૦૯ વીજળીબીલની નકલ, તા.૨૫–૬–૯૯ શાળાનું ટ્રાયલ સર્ટીફીકેટની નકલ, એસએસસીની માર્કશીટની નકલ, કર્મ નં. ૧૩૯૨૬ દરજી અરૂણકુમારની પગાર ચિઠ્ઠીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદારનો તા.૧૫–૭–૧૦ નો પત્ર મળેલ છે જે બાબતે અરજદારે અત્રેના પત્ર સંદર્ભે કોઈ વિગતો જણાવેલ નથી.

અરજદારની તા.૨૫–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ મુદ્દાઓ અંગે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન મારફતે પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૯૨ તા.૨૮–૫–૧૦ થી પર્સોનલ ઓફિસર મહેકમ પી ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૫૪૯ તા.૨૯–૫–૧૦ થી (૧) તમોએ રહેમરાહે નોકરી મળવા અંગે તથા પેન્શન મળવા અંગે કયા કર્મચારીના સગપણને લીધે રહેમરાહે નોકરી મળવી જોઈએ તથા પેન્શન મળવા અંગે કયા કર્મચારી કયા વિભાગમાં નોકરી કરતા હતાં અને કયારે અવસાન થયું કઈ પોસ્ટ ઉપર હતાં તથા તેઓનો કર્મચારી નંબર જણાવેલ નથી જે વગર જવાબ આપવો શકય નથી. જેથી ઉકત માહિતી પૂરી પાડવી. (૨) તમારી અરજીમાં ઉપરોકત કોઈ મુદ્દાઓ જણાવેલ

ન હોવાથી તે સિવાય કોઈ જવાબ આપવો શકય નથી. (૩) માંગેલ માહિતીના વિવરણમાં હું અરજદારે તા.૪–૩–૧૦ ની અરજી તથા તા.૨૮–૧૦–૦૯ ની અરજીની માહિતી માંગેલ હતી તે જ માહિતી ફરી માંગેલ છે જે અંગે તે અરજીની નકલ તથા તે પરત્વે જવાબની નકલ સામેલ કરવી જરૂરી છે તથા તે સુરત મહાનગરપાલિકાના કયા વિભાગ કે ઝોનમાં આપવામાં આવેલી છે તથા તેનો આઈ ડી નંબર જણાવવો જરૂરી છે. તે સિવાય વિગતવાર માહિતી આપવી શકય નથી. (૪) ઉપરોકત માહિતીની નકલો સાથે રૂબરૂ સુરત મહાનગરપાલિકાના મહેકમ પેન્શન વિભાગ રૂમ નં.૩૬ માં રૂબરૂ દિન–૨ માં મળી જવા વિનંતી. (૫) નમુના–ક ના સપંર્ક માટે ટેલીફોન નંબર/મોબાઈલ નંબર આપવો જરૂરી છે જે પણ જણાવેલ નથી. ત્યાર બાદ પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૫૮૩ તા.૮–૬–૧૦ થી તમો મર્હુમ કર્મચારીના સીધી લીટીના વારસદાર નહીં હોવાથી જોગવાઈઓ મુજબ તમોને ફેમીલી પેન્શન મળવા પાત્ર નથી. તથા રહેમરાહે મર્હુમના પત્નિ શંકુતલાબેનને નોકરી આપવામાં આવેલ હોવાથી તમોને રહેમરાહે નોકરી મળી શકે તેમ નથી. આ સંદર્ભે અગાઉ સક્ષમ સત્તાના આદેશોનુસાર અરજી દફતરે કરવામાં આવેલી છે. અને ત્યાર બાદની અરજીઓ પણ કાયમી ધોરણે દફતરે કરવાના આદેશો મળેલ છે. તેમ છતાં તમારી વારંવારની અરજીઓ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહીનો સંપૂર્ણ ખ્યાલ આવે અને તમો સમજી શકો તે હેતુને ધ્યાને રાખી તમારી અરજીઓ અંગે કરવામાં આવેલ કાર્યવાહી અંગેની તમામ નકલો તમોને પત્ર નં.જીએડી/ઈએસ ટી / ૩૬૮૧ તા.૧૭–૨–૧૦ ના જવાબ સાથે આપવામાં આવેલ છે. તમારી તા.૨૮–૧૦–૦૯ ની અરજી અંગે આપવામાં આવેલ જવાબ નં.જીએડી/ઈએસટી/૩૬૮૧ તા.૧૭–૨–૧૦ ની નકલ તથા તા.૪–૩–૧૦ ની અપીલ અરજીના સંદર્ભમાં તમોએ તા.૩૧–૩–૧૦ ના રોજ લખી આપેલ લેખિત જવાબની નકલ મેળવવા રૂા.૪/– જમા કરાવ્યેથી તે નકલો આપવામાં આવશે. જે અંગે અરજદારે રસીદ નં.૩૮૨૧૬૪ તા.૧૪–૬–૧૦ થી રૂા.૪/– ભરપાઈ કરેલ છે. તેવું સદર પત્રમાં રીમાર્કસમાં જણાવેલ છે. જે નકલ પૂરી પાડવાનો હુકમ થયેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧ ૭–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેની વિગત જોતાં અરજદારની રજૂઆત ફરીયાદ નિવારણને લગતી જણાતા જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૨ તા.૨૮–૬–૧૦ ના રોજ ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને અરજદારની જાણ હેઠળ મોકલવામાં આવેલ છે. જેમાં માહિતીનું વિવરણમાં અરજદારે તા.૪–૩–૧૦ ની અરજી અને તા.૨૮–૧૦–૦૯ના રોજ માહિતી માંગી હતી તે માહિતી આપવાની રજૂઆત કરેલ છે. જેમાં અરજદારને જીએડી/ઈએસટી/૨૫૮૭ તા.૧૮–૧૧–૦૯ ના પત્રથી પાના નંગ૧૩૮ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૭૬/– ભરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ જેના પત્રની નકલ રજૂ કરેલ છે. તથા જીએડી/ઈએસટી/ ૩૬૮૧ તા.૧ ૭–૨–૦૯ ના પત્રથી અરજદાર મર્હુમ કર્મચારીના સીધી લીટીના વારસદાર નહીં હોવાથી જોગવાઈઓ મુજબ તેઓને ફેમીલી પેન્શન મળવાપાત્ર નથી. જેથી સક્ષમ સત્તાના આદેશાનુસાર અરજી દફતરે કરવામાં આવેલ અને ત્યાર બાદની અરજીઓ પણ કાયમી ધોરણે દફતરે કરવાના આદેશો મળેલ છે. તેમ છતાં તમારી વારંવાર અરજીઓ સંદર્ભે કરવામાં આવેલી કાર્યવાહીનો સંપૂર્ણ ખ્યાલ આવે અને તમે સમજી શકો તે હેતુને ધ્યાને રાખી તમારી અરજી અંગેની કરવામાં આવેલ કાર્યવાહીની તમામ નકલો આપવામાં આવે છે. એવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૪–૩–૧૦ ના પત્રથી પાના નંગ–૧૩૮ ની જગ્યાએ ૧૦૨ પાના મળ્યાની રજૂઆત કરવામાં આવેલ. જે સંદર્ભે તેઓએ તા.૩૧–૩–૧૦ ના પત્રથી પાના નંગ–૧૩૮ નકલ મળેલ છે તેની પહોંચની નકલ અત્રે રજૂ કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો તેમની તકરાર નિવારણને લગતી બાબત સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૧૦

ડે.કમિશ્નર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ –પેન્શન ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી જતીનકુમાર અરૂણભાઈ ટેલર,